ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ચરોતરમિત્ર

રવિવાર ૮ નવેમ્બર, ૨૦૨૬ | આણંદ નડીયાદ ખેડા પેટલાદ ઉમરેઠ ખંભાત ડાકોર વીરપુર સંતરામપુર | ૭

દેશનો ડ્રીમ પ્રોજેક્ટ 'બુલેટ ટ્રેન' દોડાવશે ગુજરાતની ખુમારી | પરંપરાગત પરિવારમાં દીકરીની સફળતાની ગાથા સુરતમાં હાઇટેક તાલીમ શરૂ

ખંભાતની બિલ્કીસ નાઝ મિર્ઝા બની પ્રથમ મહિલા HSR પાયલોટ

અમદાવાદ મેટ્રોમાં પાંચ વર્ષની ઉત્કૃષ્ટ સેવા બાદ દિલ્હીની કઠિન પરીક્ષા અને ઇન્ટરવ્યુ પાસ કરી મેળવી સિદ્ધિ

(પ્રતિનિધિ) આણંદ તા.૭

અમદાવાદ-મુંબઈ વચ્ચે આકાર લઈ રહેલા દેશના પ્રથમ હાઈસ્પીડ રેલ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં ગુજરાતના નામે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ નોંધાઈ છે. સમગ્ર દેશમાં જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવાઈ રહી છે તે બુલેટ ટ્રેનના સ્ટીયરીંગ પર હવે ગુજરાતની દીકરીનો મક્કમ હાથ હશે. આણંદ જિલ્લાના ઐતિહાસિક ખંભાત શહેરની વતની અને કોમ્પ્યુટર સાયન્સ એન્જિનિયર બિલ્કીસ નાઝ મિર્ઝા અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન ચલાવનાર ગુજરાતની પ્રથમ મહિલા પાયલોટ તરીકે પસંદગી પામી છે. અમદાવાદ મેટ્રોમાં પાંચ વર્ષ સુધી સફળ કામગીરી બજાવ્યા બાદ નવી દિલ્હી ખાતે યોજાયેલી કઠિન લેખિત પરીક્ષા અને કડક ટેકનિકલ ઈન્ટરવ્યુ ઉત્તીર્ણ કરીને તેમણે આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ હાસિલ કરી છે.



મક્કમ આત્મવિશ્વાસ અને કંઈક વિશેષ હાસિલ કરવાની તીવ્ર ઈચ્છાશક્તિ ધરાવતી બિલ્કીસ નાઝ મિર્ઝાનો જન્મ અને પ્રારંભિક ઉછેર ખંભાતમાં થયો છે. તેમણે પોતાનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ખંભાતની સ્થાનિક શાળાઓમાંથી પૂરું કર્યું હતું. સ્થાનિક સ્તરે ઉચ્ચ અભ્યાસની મર્યાદિત સુવિધાઓ હોવા છતાં, તેમણે હાર માન્યા વગર ધર્મજ અને અન્ય કેન્દ્રો ખાતે અપડાઉન કરીને ઉચ્ચ શિક્ષણ મેળવ્યું અને કોમ્પ્યુટર સાયન્સમાં એન્જિનિયરીંગની ડિગ્રી પ્રાપ્ત કરી હતી.

પોતાના સપનાની ઊંચી ઉડાનને સાકાર કરવા માટે તેમણે પોતાની શૈક્ષણિક કારકિર્દીને સતત અધ્યતન રાખી. જૂન 2021માં તેમની ટ્રેન ઓપરેટર અને સ્ટેશન કંટ્રોલર તરીકે જોડાયા. 2021થી 2026ના અંત ભાગ સુધીના પાંચ વર્ષના સમયગાળા દરમિયાન તેમણે અમદાવાદ મેટ્રોમાં અત્યંત શિસ્તબદ્ધ અને યશસ્વી કામગીરી બજાવી. આ ઉત્કૃષ્ટ સનિષ્ઠ સેવા બદલ તેમને અનેક ઈલ્કાબો અને સન્માનો પણ પ્રાપ્ત થયા હતા.

આ સફળતાએ સંદેશ આપ્યો એ છે કે, રૂચિ હોય તે વિષય ભણો, કોઈના દબાણ કે દેખાદેખીથી કારકિર્દી ન ચૂંટો.

16 પાયલોટની પ્રથમ બેચ જાપાન ગઈ હતી, હવે સ્વદેશી તાલીમ



આ પ્રોજેક્ટ અંગે વિગતો આપતાં બિલ્કીસ નાઝે જણાવ્યું કે, આ અતિ ઝડપી બુલેટ ટ્રેન ચલાવવા માટે પસંદગી પામવાથી તેઓ ભારે રોમાંચ અનુભવી રહ્યા છે. અગાઉ પસંદ પામેલા 16 પાયલોટની પ્રથમ બેચને તાલીમ મેળવવા માટે જાપાન મોકલવી પડી હતી. પરંતુ હવે ભારતમાં જ સુરત ખાતે વિશ્વસ્તરીય તાલીમ સુવિધા ઉપલબ્ધ થઈ ગઈ હોવાથી તેમનું પોસ્ટીંગ સુરતમાં કરવામાં આવ્યું છે. હાલ આ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં કુલ બે મહિલા પાયલોટ પસંદગી પામી છે, પરંતુ તે પૈકી ગુજરાતમાંથી પસંદગી પામનાર બિલ્કીસ નાઝ પ્રથમ અને એકમાત્ર યુવતી છે. દેશના વિવિધ રાજ્યોમાં ચાલી રહેલા મેટ્રો પ્રોજેક્ટોના પ્રતિભાશાળી ઉમેદવારો વચ્ચેથી ગુજરાતની દીકરીની આ પદ માટે પસંદગી થવી એ સમગ્ર રાજ્ય માટે ગૌરવની બાબત છે. બિલ્કીસ નાઝ પોતાની આ ઐતિહાસિક સિદ્ધિનો સંપૂર્ણ શ્રેય પોતાની આકરી મહેનત ઉપરાંત પોતાના માતા-પિતા અને પરિવારને આપે છે. એક પરંપરાગત મુસ્લિમ પરિવારમાંથી આવતા હોવા છતાં તેમના પિતા ફૈયાઝહુસૈન અને માતા ગુલનારબેગમે દીકરીના શિક્ષણ અને કારકિર્દીમાં ક્યારેય સીમાઓ બાંધી નહોતી.

દિલ્હીની કઠિન પરીક્ષાથી સુરતની હાઇટેક તાલીમ

અમદાવાદ મેટ્રોમાં સેવાઓ આપતી વખતે જ બિલ્કીસ નાઝને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ એવા અમદાવાદ-મુંબઈ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટમાં ટ્રેન પાયલોટ તરીકે જોડાવાની તક મળી, જે તેમણે ત્વરિત ઝડપી લીધી હતી. બુલેટ ટ્રેન જેવા અતિ સંવેદનશીલ અને અત્યાધુનિક પ્રોજેક્ટ માટે પાયલોટની પસંદગી પ્રક્રિયા અત્યંત કઠિન હતી. નવી દિલ્હી ખાતે દેશભરના મેટ્રો પ્રોજેક્ટોમાંથી આવેલા અનેક ઉમેદવારો માટે લેખિત પરીક્ષા યોજાઈ હતી, જેમાં બિલ્કીસ નાઝ સફળતાપૂર્વક ઉત્તીર્ણ થયા. ત્યારબાદ યોજાયેલા વ્યક્તિગત ઈન્ટરવ્યુમાં પસંદગીકારો સમક્ષ તેમણે પોતાનું ઉચ્ચ માનસિક કૌશલ્ય અને ટેકનિકલ નોલેજ પૂરવાર કર્યું. તેમની માનસિક સજ્જતા, નિર્ણયશક્તિ અને ટેકનિકલ જ્ઞાનથી પ્રભાવિત થઈને બોર્ડે બુલેટ ટ્રેન પાયલોટ તરીકે તેમની આખરી પસંદગી કરી હતી. હાલમાં બિલ્કીસ નાઝ સુરત ખાતે સ્થિત તાલીમ કેન્દ્રમાં રુબરૂ જોઇન થઇને હાઇસ્પીડ ટ્રેન સંચાલનની ગહન તાલીમ મેળવી રહ્યા છે અને પોતાની નવી જવાબદારી સંભાળવા માટે અત્યંત ઉત્સાહિત છે.

મોટી ક્યાર ગામે રાત્રિના સમયે લોહિયાળ ખેલ ખેલાયો | 'મારા લગ્ન કેમ નથી કરાવતો?' કહી હત્યા કરી

સંતરામપુરમાં નાના ભાઈએ મોટાના માથામાં બોથડ પદાર્થ ઝીંકી હત્યા કરી

હુમલાની વચમાં પડેલા દુકાનના કર્મચારીને પણ મારવા દોડતાં જીવ બચાવી ભાગ્યો

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૭

સંતરામપુર તાલુકાના મોટી ક્યાર ગામે કળિયુગી નાના ભાઈએ 'લગ્ન કેમ નથી કરાવતો' તેવી સામાન્ય બાબતની તકરારમાં સગા મોટા ભાઈના માથામાં બોથડ વસ્તુના ઉપરાછાપરી ઘા ઝીંકી હત્યા કરી દેતાં સમગ્ર પંથકમાં અરેરાટી સાથે સનસનાટી મચી ગઈ છે. ખેતીકામ અને સસ્તા અનાજની દુકાન ચલાવતા ૪૬ વર્ષીય પ્રૌઢ પર રાત્રિના અંધારામાં નદી કિનારે ઘાતક હુમલો કરી મોતને ઘાટ ઉતારી દેવાયા હતા. આ બનાવ અંગે મૃતકની પત્નીની ફરિયાદ પરથી સંતરામપુર પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મોટી ક્યાર ગામના નાકા ફળિયામાં રહેતા ૪૬ વર્ષીય વિનોદભાઈ દેવાભાઈ તાવિયાડ ગામમાં ખેતીકામ કરવાની સાથે સસ્તા અનાજની દુકાન ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. ૬ નવેમ્બરની રાત્રે આશરે નવ વાગ્યાના સુમારે તેમનો નાનો ભાઈ ચેતન દેવાભાઈ તાવિયાડ ઘરે ધસી આવ્યો હતો. ચેતને તમે મારા લગ્ન કેમ કરાવતા નથી?" તેમ કહી વિનોદભાઈ સાથે ઉગ્ર બોલાચાલી કરી ધમકી આપી હતી અને ત્યાંથી નીકળી ગયો હતો. બાદમાં રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યાના અરસામાં વિનોદભાઈ પોતાની દુકાને કામ કરતા સુરસીંગભાઈ બામણીયાને ઘરે મૂકવા જઈ રહ્યા હતા. આ દરમિયાન બેટ ફળિયા તરફ જતા નાળા નજીક વિનોદભાઈ શૌચક્રિયા અર્થે નદી તરફ ગયા હતા, ત્યારે જ નાનો ભાઈ ચેતન ઘાતક ઈરાદા સાથે ત્યાં ધસી આવ્યો હતો. લગ્ન બાબતે ફરી તકરાર કરી ચેતને આવેશમાં આવી વિનોદભાઈના માથાના ભાગે બોથડ પદાર્થ વડે ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા, જેથી વિનોદભાઈ ગંભીર રીતે ઘવાયેલી હાલતમાં લોહીલુહાણ થઈ નદીમાં ઢળી પડ્યા હતા.

આ હુમલો થતાં જોઈ સાક્ષી સુરસીંગભાઈ બચાવવા વચ્ચે પડતાં આરોપી ચેતન તેમને પણ મારવા દોડ્યો હતો, જેથી સુરસીંગભાઈએ ભાગીને જાન બચાવી હતી અને તાત્કાલિક પરિવારજનોને જાણ કરી હતી. આ બનાવની જાણ થતાં જ પરિવારજનો નદી કિનારે દોડી ગયા હતા, જ્યાં વિનોદભાઈ લોહીલુહાણ હાલતમાં મળી આવ્યા હતા. તેમને ત્વરિત ગોઠીબ સરકારી દવાખાને ખસેડાયા હતા, પરંતુ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે મૃતકની પત્ની કૌશલ્યાબેને નોંધાવેલી ફરિયાદના આધારે સંતરામપુર પોલીસે હત્યાનો ગુનો નોંધી ફરાર આરોપી ચેતનને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

કપડવંજ શહેર દીપાવલીના પર્વે રોશનીથી ઝળહળી ઊઠ્યું



પવિત્ર દીપાવલીના તહેવાર નિમિત્તે સમગ્ર કપડવંજ નગર આકર્ષક રોશનીથી ઝળહળી ઊઠ્યું છે. શહેરના મુખ્ય માર્ગો, બજારો અને રહેણાંક વિસ્તારો દીપમાળા તથા રંગબેરંગી લાઈટિંગથી સજ્જ થયા છે. દિવાળી પર્વની આ મનોહર ઉજવણીને લઈ કપડવંજવાસીઓમાં ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. પ્રકાશના આ મહાપર્વે રોશનીની ઝાકઝમાળ સાથે ચારે તરફ હર્ષોલ્લાસ છવાઈ ગયો છે. **તસવીર : હરિશ જોષી**


ગુજરાત પીએસીની વર્ષ ૧૯૬૦થી અત્યાર સુધી ૧૫૦૨ બેઠકો યોજાઈ અને ૧૦૯ અહેવાલો રજૂ થયા

હવે, પીએસી માત્ર પરંપરાગત ઓડિટ મોનિટરિંગ સંસ્થા નથી

ગુજરાત પીએસી અધ્યક્ષ પંકજ દેસાઈનું ઓડિટ ભૂમિકા અંગે મહત્વપૂર્ણ સંબોધન

(પ્રતિનિધિ) નડિયાદ તા.૭

કેરળના તિરુવનંતપુરમ ખાતે દેશભરની પબ્લિક એકાઉન્ટ્સ કમિટીના ચેરપર્સન માટે આયોજિત અખિલ ભારતીય કોન્ફરન્સના પ્લેનરી સેશનમાં ગુજરાત વિધાનસભા પીએસીના અધ્યક્ષ પંકજ દેસાઈએ હાજરી આપી હતી. તેમણે ઓડિટ અને જવાબદેહી થકી સુશાસનને પ્રોત્સાહન આપવા માટે પીએસીની બદલાતી અને વિસ્તરતી ભૂમિકા વિશે વિસ્તૃત માહિતી રજૂ કરી હતી.



પોતાના સંબોધન દરમિયાન પંકજ દેસાઈએ ગુજરાત પીએસીની ઐતિહાસિક સફરનો ચિતાર આપતાં જણાવ્યું હતું કે, વર્ષ 1960માં સંસ્થાની સ્થાપના થયા બાદ અત્યાર સુધીમાં કુલ 1502 બેઠકો યોજવામાં આવી છે અને 109 જેટલા અહેવાલો રજૂ કરાયા છે. આ ઉપરાંત તેમણે કમિટી દ્વારા અન્ન સુરક્ષા, સૌર ઉર્જા, સ્વાસ્થ્ય સેવાઓ, માળખાગત સુવિધાઓ, પર્યાવરણ સુરક્ષા અને નબળા વર્ગોના કલ્યાણ ક્ષેત્રે હાથ ધરાયેલી વિવિધ પહેલો અંગે વાત મૂકી હતી.

પીએસીની ભૂમિકા સ્પષ્ટ કરતા તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, પીએસી હવે માત્ર પરંપરાગત ઓડિટ મોનિટરિંગ સંસ્થા રહી નથી, પરંતુ પ્રિવેન્ટિવ ગવર્નન્સને પ્રોત્સાહન આપતી એક સક્રિય સંસ્થા તરીકે ઉભરી આવી છે. લોક કલ્યાણના કાર્યોમાં નક્કર સુધારા સુનિશ્ચિત કરવા માટે ઓડિટની ભલામણોનો યોગ્ય અને અસરકારક અમલ થાય તે અત્યંત આવશ્યક છે.

આણંદના સરદાર ગંજ પાસે ઝાડ પડતાં વાહનવ્યવહાર ખોરવાયો



આણંદ શહેરના સરદાર ગંજ કૃષ્ણ ટ્રાન્સપોર્ટ પાસે શુક્રવારના રોજ ઝાડ પડી ગયું હોવાનો ઇમરજન્સી કોલ ફાયર વિભાગને મળ્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચીને કામગીરી હાથ ધરી હતી અને ફાયર ટીમે ઝાડ કાપીને રસ્તા પરથી દૂર કરી વાહનવ્યવહાર પુનઃ શરૂ કરી આપ્યો હતો. સદનસીબે આ સમગ્ર ઘટના દરમિયાન કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ ન હતી.

અનૈતિક સંબંધની ના પાડતાં ઝાડ પરથી કૂદીને મહિલા પર હુમલો કર્યો હતો

ગળતેશ્વરમાં હત્યાના પ્રયાસ કેસમાં આરોપીને ૧૦ વર્ષ કેદ

સનાદરામાં મહિલા પર ધારિયાથી હુમલો કરનારાં શખસને ૫૫ હજારનો દંડ ફટકારાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.7

ગળતેશ્વર તાલુકાના સનાદરા ગામમાં અનૈતિક સંબંધ રાખવાની ના પાડનાર મહિલા પર ધારિયા વડે જીવલેણ હુમલો કરી હત્યાનો પ્રયાસ કરનાર ૩૮ વર્ષીય આરોપી ફારૂકખાન અબ્બાશખાન પઠાણને નડિયાદની સેશન્સ કોર્ટે ૧૦ વર્ષની સખત કેદ અને કુલ ૫૫,૦૦૦નો દંડ ફટકાર્યો છે. કોર્ટે વસૂલેલા દંડમાંથી ૫૦,૦૦૦ પીડિત મહિલાને વળતર પેટે આપવાનો પણ આદેશ કર્યો છે.

ગળતેશ્વરના સનાદરાના મોલા ફળિયામાં રહેતા આરોપી ફારૂકખાન પઠાણે ગામની એક મહિલાને અવારનવાર પ્રેમ સંબંધ રાખવા દબાણ કર્યું હતું. મહિલાએ સ્પષ્ટ ઇનકાર કરતાં આરોપીએ અદાવત રાખી હતી. ગત ૧૪ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ સવારે મહિલા કુદરતી હાજતે ગઈ ત્યારે પીલમડાના ઝાડ પર છુપાઈને બેઠેલા આરોપીએ હાથમાં ધારિયા સાથે કૂદકો મારી મહિલા પર હુમલો કર્યો હતો.

મહિલાએ બચાવમાં પોતાનો ડાબો હાથ વચ્ચે લાવતાં કાંડા અને અંગૂઠાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. મહિલાના ભાભી વચ્ચે પડતાં આરોપી તેમને પણ જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે સેવાલિયા પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

આ કેસ નડિયાદના પાંચમા એડિશનલ સેશન્સ જજ આર. જે. મીરાણીની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ પ્રેમ આર. તિવારીએ ૧૩ દસ્તાવેજી પુરાવા અને ૧૨ સાક્ષીઓની જુબાની રજૂ કરી હતી. કોર્ટે રજૂ થયેલા તમામ પુરાવા અને દલીલો ગ્રાહ્ય રાખી આરોપીને હત્યાના પ્રયાસના ગુનામાં ૧૦ વર્ષની કેદ અને દંડની શિક્ષા સંભળાવી છે.

બુધેજના સ્વામિનારાયણ મંદિરમાં તસ્કરો ત્રાટક્યા

ચડ્ડીધારી તસ્કરો ચાર દાનપેટીઓ તોડી ૭૦ હજારની ચોરી ગયાં

(પ્રતિનિધિ) તારાપુર તા.૭

બુધેજ ગામે આવેલા વડતાલ તાબાના ઐતિહાસિક સ્વામિનારાયણ મંદિરમાં મધરાતે તસ્કરો ત્રાટકીને દાનપેટીઓમાંથી આશરે ૭૦ હજારની રોકડ રકમ ચોરી ગયાં હતાં.

બુધેજ ગામના સ્વામિનારાયણ મંદિરના હિસાબનીસ નવલસિંહ દિપસિંહ રાઠોડે ફરિયાદ મુજબ, ૩ નવેમ્બરની વહેલી સવારે મંદિરના પૂજારી માધવપ્રિયદાસજી સ્વામી અને કોઠારી નારાયણચરણ સ્વામી મંદિરે પહોંચ્યા ત્યારે પાછળનો લાકડાનો દરવાજો તૂટેલો જણાયો હતો. અંદર તપાસ કરતા મહિલા વિભાગ તરફ મૂકેલી બે સ્ટીલની દાનપેટીઓ ગાયબ હતી, જે બાદમાં પાછળના ખેતરમાંથી તૂટેલી હાલતમાં મળી આવી હતી. આ ઉપરાંત બે પિત્તળની દાનપેટીઓના તાળાં પણ તૂટેલા હતા અને સિંહાસનની જાળીનો નકૂચો વાળેલો હતો. આથી, મંદિરના સીસીટીવી કેમેરાની ચકાસણી કરતા રાત્રિના પોણા બે વાગ્યાના સુમારે મોં પર રૂમાલ બાંધેલા ચાર ચડ્ડીધારી તસ્કરો લાકડાનો દરવાજો તોડી અંદર પ્રવેશતા અને દાનપેટીઓ ઉઠાવી જતા સ્પષ્ટ દેખાયા હતા. દર મહિને ખોલાતી આ દાનપેટીઓમાંથી અંદાજે ૭૦ હજાર જેટલી ભેટ રકમ ચોરાઈ હોવાનું સામે આવ્યું છે. આ બનાવ અંગે તારાપુર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઈલેક્ટ્રિક લાઈટોના જમાનામાં પણ અડીખમ | દર દિવાળીએ બનાવે છે ૩૫ હજારથી વધુ કોડિયા

હલધરવાસના ૮૦ વર્ષના વડીલ ચાકડે ઘડે છે દિવાળીનું અજવાળું

ખેડાના પ્રજાપતિ પરિવારે ૫૦ વર્ષથી જાળવી માટીકામની પરંપરા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૭

આધુનિક યુગમાં રંગબેરંગી ઈલેક્ટ્રિક લાઈટોનું ચલણ વધવા છતાં, ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના હલધરવાસ ગામમાં માટીના દીવડા બનાવવાની વર્ષો જૂની પરંપરા આજે પણ અકબંધ છે. ગામનો પ્રજાપતિ પરિવાર છેલ્લા પાંચ દાયકાથી માટીના કોડિયા અને કુલડીઓ બનાવીને પ્રાચીન સંસ્કૃતિને જીવંત રાખી રહ્યો છે.

દિવાળીનો તહેવાર નજીક આવતા જ બજારોમાં વિવિધ રોશની માટેની આધુનિક લાઈટો જોવા મળે છે, પરંતુ માટીના દીવડાનું ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ આજે પણ અપ્રતિમ છે. આ અહેવાલનો સૌથી પ્રેરણાદાયક એંગલ એ છે કે પરિવારના 80 વર્ષના વડીલ આજે પણ પૂરા ઉત્સાહ અને સ્ફૂર્તિથી પરંપરાગત ચાકડો ચલાવે છે. વધતી ઉંમર તેમની કળા કે ઝડપને સહેજ પણ રોકી શકી નથી અને તેઓ પોતાના હાથની કારીગરીથી સુંદર કોડિયાનો આકાર આપીને દિવસના અંતે હજારો દીવડા તૈયાર કરી દે છે.



દીપોત્સવ નિમિત્તે પરિવાર દ્વારા અગાઉથી જ માટી લાવવાથી લઈને તેને ગૂંદવા સુધીની તૈયારીઓ શરૂ કરી દેવાય છે. દર તહેવારની સીઝનમાં આ પરિવાર દ્વારા 35 હજારથી વધુ માટીના કોડિયા અને અંદાજે 5 હજાર જેટલી કુલડીઓ તૈયાર કરી આસપાસના ગામો તથા બજારોમાં વેચાણ અર્થે મોકલવામાં આવે છે. આ 50 વર્ષની અથાક મહેનત માત્ર આજીવિકાનું સાધન નથી, પરંતુ આધુનિક સમયમાં લુપ્ત થઈ રહેલી માટીકામની કળાને જીવંત રાખવાનો એક સરાહનીય પ્રયાસ છે.

પેટલાદના પૂર્વ કાઉન્સિલરના અવસાનથી ગમગીની છવાઈ

માદરે વતન ભાલેજ ખાતે દફનવિધિ સમયે રાજકીય-સામાજિક અગ્રણીઓ હાજર રહ્યાં

(પ્રતિનિધિ) પેટલાદ તા.૭

મૂળ ભાલેજના અને પેટલાદને પોતાની કર્મભૂમિ બનાવનારા પેટલાદ નગરપાલિકાના પૂર્વ કાઉન્સિલર તથા અગ્રણી પત્રકાર આશિફહુસેન ઠાકોરનું દુઃખદ અવસાન થતાં, શનિવારે તેમના માદરે વતન ભાલેજ ખાતે તેઓની દફનવિધિ સંપન્ન કરવામાં આવી હતી.



પેટલાદમાં વિવિધ ક્ષેત્રોમાં સક્રિય અને નામાંકિત રીતે અગ્રેસર ભૂમિકા ભજવનાર આશિફહુસેન ઠાકોરના અચાનક અવસાનથી તેમના પરિવાર, માદરે વતન ભાલેજ અને પેટલાદના મુસ્લિમ સમાજ સહિત સમગ્ર નગરજનોમાં ઘેરા આઘાતની લાગણી વ્યાપી ગઈ છે.

આશિફહુસેન ઠાકોરની દફનવિધિ પ્રસંગે પેટલાદ, ભાલેજ, આણંદ અને અમદાવાદ સહિતના વિવિધ વિસ્તારોમાંથી નામાંકિત અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને મરહૂમને અશ્રુભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સ્વ. આશિફહુસેન ઠાકોર પોતાના પરિવારમાં માતા, પત્ની અને બે પુત્રોને વિલાપ કરતા છોડી ગયા છે.